# ગુર્જરમાત ફન ક્લબ દ્વારા ડિજિટલ માર્કેટિંગ વર્કશોપનું આયોજન















ગુર્જરમાત ફન ક્લબ દ્વારા રવિવાર, તા. ૨૩ જૂનના સવારના ૧૦.૩૦થી ૧૨.૩૦ દરમ્યાન વાગલે એસ્ટેટ થાણે સ્થિત દોસ્તી પિનેકલમાં ડિજિટલ માર્કેટિંગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપનું સંચાલન ઈમેજ ઓનલાઈન પ્રા. લિ.ના ડીરેક્ટર અને પ્રખ્યાત ટેકી (Techie), માર્કેટિંગ કન્સલ્ટન્ટ અને ડિજિટલ માર્કેટિંગના નિષ્ણાત મનોજ કોટક દ્વારા ખૂબ રસપ્રદ શૈલીમાં કરવામાં આવ્યું હતું, જેને ઉપસ્થિત ૫૦ જેટલા સહભાગીઓને આ વિષયની બારીકીઓથી માહિતગાર કર્યા હતા.

આ વર્કશોપની પ્રસ્તાવનામાં મનોજભાઈએ જણાવ્યું હતું કે, માર્કેટિંગ એ દરેક બિઝનેસનું અભિન્ન અંગ છે. વિવિધ મીડિયામાં જાહેરખબર અથવા એડવર્ટાઈઝ એ બિઝનેસ વધારવા માટેનો અગત્યનો વિકલ્પ છે. જાહેરાતકર્તાઓ માટે, વિશ્વમાં સંપૂર્ણ પરિવર્તન આવ્યું છે. હકીકતમાં, તે દર પાંચ વર્ષે પરિવર્તિત થાય છે. એક સમયે તમારા લક્ષ્ય (target audience) ફક્ત અખબારો વાંચતા હતા અથવા રેડિયો સાંભળતા હતા, પરંતુ આજે તેમની પાસે જાહેરાતનું ફોર્મ પસંદ કરવા માટેના વિકલ્પોની અનંત શ્રેણી છે અને બધા બિઝનેસ ધારકો આ ગ્રાહકનું ધ્યાન ખેંચવા માટે ડિજિટલ યુદ્ધ લડી રહ્યા છીએ...જ્યારે આપણે બધા સારી રીતે જાણીએ છીએ કે તેમની વફાદારી ચંચળ અથવા ક્ષણિક છે.આ અફરાતફરીના વાતાવરણ વચ્ચે, ડિજિટલ માર્કેટિંગ નાના અને મધ્યમ કદના વ્યવસાય માટે આશાનું કિરણ આપે છે. તે તમારી બ્રાન્ડ માટે અભૂતપૂર્વ સ્કેલ, સુસંગતતા અને રિકોલ હાંસલ કરવાની ટિકિટ છે.

આ વર્કશોપમાં મનોજભાઈએ ડિજિટલ માર્કેટિંગ અંગે કેટલાક સોનેરી સૂત્રો આપ્યા હતા જે આ પ્રમાણે છે.

- Whatever is possible in the offline world is always possible in the online world.
- Nobody comes on your website to buy something, they come to know something, so educate and earn.

આ ઉપરાંત મનોજભાઈએ ગૂગલ, ફેસ બૂક, યુટ્યુબ વગેરે સોશિયલ મીડિયાનું બિઝનેસ મોડેલની બારીકીઓને સમજાવીને તેઓ કઈ રીતે ડિજિટલ માર્કેટિંગ કરીને પૈસા કમાય છે તે અંગે રસપ્રદ શૈલીમાં વિસ્તારપૂર્વક સમજણ આપી હતી.

વર્કશોપના અંતે લકી ડ્રો દ્વારા નક્કી કરાયેલ પાંચ સહભાગીઓને મનોજભાઈ કોટક દ્વારા લિખિત No-Nonsense Digital Marketing પુસ્તક જાણીતા સમાજસેવક હીરાલાલભાઈ મૃગના હસ્તે આપવામાં આવ્યા હતા.